જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૯/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૪૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૭૦ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૨૭ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૦૨ કાર અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૫૯૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૪૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં. ૧૩૪૫/૨૦૨૫**

વાડજઃ પનકુમાર ઓમપ્રકાશ ભાર્ગવ (ઉ.વ.૪૮) (રહે. બ્રહ્મસિધ્ધી સોસાયટી અર્જુન આશ્રમ રોડ શનિદેવ મંદિર પાસે ચાંદલોડિયા) એ તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૭/૨૦૨૫ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે જુના વાડજ સર્કલ બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાસે હનુમાન પુરાની ચાલી આગળ શનિદેવ મંદીર ખાતે અજાણ્યા પુરૂષે પોતે પેટીએમ કંપનીના એમ્પલોય તરીકેની ઓળખ આપી પનકુમાર ભાર્ગવને પેટીએમની લોન કરાવી આપી પેટીએમની લોનના હપ્તા સેટ કરી આપવાનું કહી પનકુમાર ભાર્ગવના પેટીએમ દ્વારાપનકુમાર ભાર્ગવના બેન્ક ખાતામાંથી કુલ રૂપિયા ૫૮,૯૯૯/– તેઓના ખાતામાં ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કરણસિંહ રાજેન્દ્રસિંહ ચલાવે છે.

સેટેલાઈટઃ દર્શન જીતેશ માવાણી (ઉ.વ.૩૯) (રહે. કૃષ્ણાવિલા સોસાયટી શિવ રેસીડેન્સી પાસે બાકરોલ સંકેત રોડ બાકરોલ આણંદ) એ તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ડિસેમ્બર/૨૦૨૪ માં કે.સી.હોલી ડેઝ અ ગ્રુપ ઓફ કે.સી મેનેજમેન્ટ નામની કંપનીના માલીક કિરણ ચન્દ્રકાંત ચૌહાણ (રહે. ન્યુ શુભ સોસાયટી બુટ ભવાની મંદિર સામે વેજલપુર અને પારુલ ચૌહાણ નાઓએ ભેગા મળી સોશીયલ મીડિયા ઉપર સિંગાપોર, મલેશિયા, થાઈલેન્ડ જવા માટે એરોપ્લેન ટિકિટ વિઝા સાથે હોટલ જમવા તથા લોકલ ટ્રાન્સપોર્ટ માટે ૧૦ રાત્રી અને ૧૧ દિવસ વિદેશ ટુર અંગેની જાહેરાત કરતા દર્શન માવાણીએ વિદેશ ટુર અંગેની સોસીયલ મીડિયામાં જાહેરાત જોઈ તા.૧૪/૦૧/૨૦૨૫ થી તા.૧૨/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પરિવારના ત્રણ સભ્યો માટે ટુર પેકેજ માટે વાતચીત કરતા તેઓએ દર્શન માવાણી પાસેથી વિદેશ ટુર પેકેજ પેટે રૂપિયા ૩,૨૫,૦૦૦/– મેળવી લઈ કોઈ પેકેજ નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સંજયભાઇ કાનજીભાઇ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં. ૧૩૪૬/૨૦૨૫**

નારોલઃ કરનન વજરવેલ મુદલીયાર (રહે. ભગીરથ હોમ વિભાગ–૦૧ મંથન ટેનામેન્ટ સામે નારોલ) એ તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૫ રાતના ૮/૩૦ થી તા.૧૦/૦૯/૨૦૨૫ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ–વટવા રોડ ઓમકાર એસ્ટેટ સામે કે.એન.ટેક્સટાઇલ કાપડના ગોડાઉનના દિવાલ ઉપરનું લોખંડનું પતરૂં ખોલી ગોડાઉનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ગોડાઉનમાંથી લેડીઝ પેન્ટ નંગ–૧૨૦૦ કિમત રૂપિયા ૧,૭૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.સાબડ ચલાવે છે.

મણીનગરઃ ચિરાગભાઇ શરદચંદ્ર શાસ્ત્રી (રહે. સંજય એપાર્ટમેન્ટ હરીહર સોસાયટી સીતાબાગ સોસાયટી સામે દક્ષિણી રોડ મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૯/૨૦૨૫ બપોરના ૩/૦૦ થી સાંજના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનો હેન્ડલ લોક તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તિજોરી તથા લાકડાના કબાટના તાળા સોના–ચાંદીના દાગીના, ડાયમંડ સેટ, ઘડિયાળ અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/–મળી કુલ રૂપિયા ૫,૬૬,૪૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.જે.રાઠોડ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં. ૧૩૪૭/૨૦૨૫**

સેટેલાઈટઃ હિતેશભાઇ ચંદુલાલ પારેખ (ઉ.વ.૬૨) (રહે. આમ્રસગુન બંગ્લોઝ આશાવરી ટાવર પાસે સેટેલાઈટ) એ તા.૨૪/૦૯/૨૦૨૫ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૭/૨૦૨૫ સવારના ૭/૦૦ થી ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઘરઘાટી તરીકે કામ કરતા રાજુ ઉર્ફે અખમાભાઇ કાળુભાઇ તાવિયાડ (રહે. ગામ– સરસ્વા, તા.કડાણા, જી.મહિસાગર) કબાટમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫,૫૦,૦૦૦/– મતા તેમજ ૩૫૦/– યુ.એસ.ડોલર ચોરી કરી લઈ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એસ.ચુડાસમા ચલાવે છે.

સોનાની ચેઇન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર ચાદી નં. ૧૩૪૮/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ અનુભા વા/ઓ શ્રીરામ (ઉ.વ.૪૦) (રહે. ગૌરવી એપાર્ટમેન્ટ લાડ સોસાયટી રોડ વસ્ત્રાપુર) તા.૨૩/૦૯/૨૦૨૫ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે લાડ સોસાયટી ગોયલ એપાર્ટમેન્ટની બાજુમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ અનુભા વા/ઓ શ્રીરામના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહીત કિમત રૂપિયા ૯૫,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અનુભા વા/ઓ શ્રીરામ એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં. ૧૩૪૯/૨૦૨૫**

રિવરફ્રંટ વેસ્ટઃ પ્રતિક જયંતીભાઈ રાવળ (ઉ.વ.૨૭) (રહે. ઘનશ્યામનગર સ્વામિનારયણ મંદિર પાસે ઝુંડાલ ગાંધીનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૩/૨૦૨૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે અટલબ્રીજ નીચે વોક–વે નજીક સાબરમતી નદીમાં પડતું મુકી આત્યહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઈ રણછોડભાઈ ચલાવે છે.

ખોખરાઃ અજયભાઈ કનુભાઈ વાસફોડા (ઉ.વ.૪૦) (રહે.નારણભાઈના છાપરાં જશોદાનગર ફાયર સ્ટેશન સામે કેનાલની બાજુમાં ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૩/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૩/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ઝાલા ચલાવે છે.

ઓઢવઃ ઓઢવ આંજણા ચોક પાસે સીતારામ એસ્ટેટ શેડ નંબર–૦૪ ખાતે રહેતા રવિ રામચંદ્ર નિશાદ (ઉ.વ.૨૦) (મુળ વતન. ગામ–ગુરૈયનપુર બીરબલ કા અકબરપુર તા–ઘાટમપુર જી–કાનપુર ઉત્તરપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૩/૨૦૨૫ કલાક ૧/૦૦ થી કલાક ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કારખાને શેડ નં–૦૪ ખાતે છતના ભાગે હુક સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનોજભાઇ ભીખાભાઇ ચલાવે છે.

નારોલઃ અનિતાબહેન મહેન્દ્રસિંઘ ભદોરીયા (ઉ.વ.૪૮) (રહે. ભારતનગર સોસાયટી નારોલ કોર્ટ પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૯/૨૦૨૫ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૯/૨૦૨૫ કલાક ૩/૪૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી